ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# કેન્દ્ર સરકાર કપાસ નિકાસના નામે ખેડૂતોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે



**કપાસની નિકાસબંધીથી માત્ર ગુજરાતના ખેડૂતો જ હજારો કરોડનું નુકશાન ભોગવે છે. આ વાસ્તવિક્તાથી કેન્દ્ર સરકાર કેમ દૂર ભાગે છે ?**

**કપાસ નિકાસમુક્ત છે તેમ કહેનારી કેન્દ્ર સરકારે નિકાસબંધી ફરમાવી ત્યારે ખેડૂતો યાદ નહોતા આવ્યા ?**

## કેન્દ્ર સરકારીની નીતિ અંગેના સત્યને જાણો

વર્ષ ૨૦૧૦-૧૧માં કપાસનો એક ક્વિન્ટલનો ભાવ રૂ. ૭૫૦૦/- હતો. ત્યારે જ એપ્રિલ-૨૦૧૦માં રૂ ની નિકાસ પર ટન દીઠ રૂ. ૨૫૦૦/- ડ્યુટી નાંખી અને સંપૂર્ણપણે કપાસની નિકાસબંધી લાદી ત્યારે કેન્દ્ર સરકારને ખેડૂતોનું હિત યાદ નહોતું આવ્યું ?

### નિકાસબંધીથી કપાસનો ભાવ અડધો થઈ ગયો...

### એટલે કે ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૪૦૦૦/-થી પણ ઓછો થઈ ગયો...

### આ વાત ખેડૂતો હજી ભૂલ્યા નથી

# કેન્દ્ર સરકાર જવાબ આપે

- જ્યારે દેશમાં કપાસની આવક રોજની સવા બે લાખ ગાંસડી જેટલી હતી અને દેશની મીલોની જરૂરિયાત માત્ર સાત હજાર ગાંસડી હતી ત્યારે માર્ચ-૨૦૧૨થી રૂ ની નિકાસબંધી કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય શું ખેડૂતોના હિતમાં હતો ???
- ગુજરાતના ખેડૂતોની મહેનત અને રાજ્ય સરકારના હકારાત્મક સહયોગથી આજે ગુજરાતમાં કપાસનો વાવેતર વિસ્તાર અને ઉત્પાદક્તા વધ્યા છે, એટલું જ નહીં ગુજરાતના કપાસની સારી ગુણવત્તાને લીધે ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો ફાળો ૫૦ ટકા જેટલો છે ત્યારે-

**ખેડૂતોની મહેનતનો યશ કેન્દ્ર સરકાર પોતાના માથે લઈને ખેડૂતોનું અપમાન શા માટે કરે છે ?**

- ભારતમાં કપાસ ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ નંબરે છે ત્યારે સીસીઆઈ દ્વારા બીજા રાજ્યોની સાપેક્ષમાં ગુજરાતમાંથી નીચા ભાવે કપાસની ઓછી ખરીદી કરવાની કેન્દ્ર સરકારની આ નીતિ કોના હિતમાં છે તેની સ્પષ્ટતા કેન્દ્ર સરકાર કરશે?

## ખેડૂતોને ભરમાવવાનું બંધ કરો કપાસની નીતિ સ્પષ્ટ કરો

ગુજરાત સરકાર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com